| | |
|---|---|
| GUJARAT POLICE | પોલીસ કમિશ્નરની કચેરી, અમદાવાદ શહેર.<br>શાહીબાગ,અમદાવાદ<br>વિશેષ શાખા, કચેરી ટેલીફોન નં-૦૭૯૨૫૬૩૩૪૦૦.<br>**Email:Spl1-ahd@gujarat.gov.in** |

## જાહેરનામું

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ હુકમ.

નંબર: વિ.શા/ જાહેરનામું/ ગ્રા.પં.સા.ચું./એ-સે/પરમીટ/ ૮૨ /૨૦૨૫ તા.૦૮ /૦૬/૨૦૨૫

ગુજરાતના રાજય ચૂંટણી આયોગ, દ્વારા ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/ મધ્યસત્ર/પેટા ચુંટણીઓ-૨૦૨૫ નો ચુંટણી કાર્યક્રમ જાહેર થયેલ છે તે મુજબ અમદાવાદ જીલ્લામાં ગ્રામ પંચાયતોની ચુંટણીનુ મતદાન આગામી તા.૨૨/૦૬/૨૦૨૫ ના રોજ યોજાનાર છે. જેથી ગ્રામ પંચાયતોની ચૂંટણી અંગેના પ્રકાશનો, પોસ્ટરોના છાપકામ સંબધમાં મુદ્રક તથા પ્રકાશકે લોક પ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૨૭(એ) ની જોગવાઈઓ તથા રાજ્ય ચૂંટણી પંચના તા. ૨૫/૦૪/૧૯૯૫ ના આદેશ ક્રમાંક: ૬: ઈએલઈસી-સીઓસી:-રીસ્ટ્રીકશન ઓન પ્રીન્ટીંગનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

આથી, હું જી.એસ.મલિક, પોલીસ કમિશ્નર, અમદાવાદ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ -૧૬૩ થી મને મળેલ સત્તાની રૂએ પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરની હુકમત હેઠળ આવતા ગ્રામ પંચાયતોની સામાન્ય/ વિભાજન/મધ્યસત્ર/પેટા ચુંટણીઓમાં સમાવિષ્ટ હદ વિસ્તાર માટે નીચે મુજબના પ્રતિબંધાત્મક આદેશ કરવામાં આવે છે.

(૧) કોઈપણ વ્યકિત ચૂંટણીને લગતાં પોસ્ટરો, પેમ્પલેટ કે, પ્રકાશનો વિગેરેમાં પોતાનુ નામ-સરનામુ મુદ્રકનુ અને પ્રકાશકનુ નામ તેમજ પ્રત સંખ્યા સ્પષ્ટ રીતે મુખપૃષ્ઠ ન હોય તો છાપકામ કે પ્રકાશન કરી શકશે નહી.

(૨) કોઈપણ વ્યકિત ચૂંટણી સાહીત્યનું પ્રકાશન કરી શકશે નહી.

## અપવાદ:

(અ) ચૂંટણીને લગતા પોસ્ટરો, પેમ્ફલેટ કે પ્રકાશનો છાપવાં માટે નિયત કરેલ ફોર્મમાં બે નકલમાં અંગત રીતે ઓળખતા હોય તેવા બે સાક્ષીઓની સહી સાથે છપાવનાર ડેકલેરેશન મુદ્રકનુ આપેલ હોય અને

(બ) ત્રણ દિવસના સમયની અંદરજ આવી ડેકલેરેશનની નકલો તથા છાપવાના સાહીત્યની ચાર નકલો બીલની નકલ સાથે જે જગ્યાએ છાપકામ કરેલ હોય તે જીલ્લાના જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીને મોકલવાની રહેશે.

(૩) રાજય ચૂંટણી પંચના તા.૨૫/૦૪/૧૯૯૫ ના હુકમથી સ્પષ્ટતા કર્યા મુજબ.

(એ) કોઈપણ દસ્તાવેજની એક થી વધુ નકલો છાપવામાં કે લીથો, પ્રિન્ટર, યાંત્રીક કે વિજાણું સાધનો કે કોમ્પ્યુટરનો ઉપયોગ કરીને કાઢવામાં કે હાથથી નકલો કરવામાં આવે તે તમામને છાપકામમાં ગણવામાં આવશે અને

(બી) ચૂંટણીને લગતા પેમ્ફલેટ, પોસ્ટરો, કે પ્રકાશનો એટલે કે, કોઈપણ ઉમેદવાર કે ઉમેદવારોની પાર્ટી અથવા ગમે તે પ્લેકાર્ડ અથવા પોસ્ટરો કે ચૂંટણીની સંલગ્ન બાબતોનો ઉલ્લેખ થતો હોય જેને વહેંચવાથી આચાર સંહિતાનો ભંગ થતો હોય તેવા લખાણો જેમાં ચૂંટણીની તારીખ, સમય અને ચુંટણીને લગતા એજન્ટ, કાર્યકરને લગતી સુચનાઓનો સમાવેશ થાય છે.

ઉપર જણાવ્યા મુજબ લોક પ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૨૭(એ) જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કોઈપણ વ્યકિત ઉમેદવાર, પાર્ટી એજન્ટ કાર્યકર કે પ્રિન્ટીંગ પ્રેસના માલિક, મુદ્રકે કરવાનું રહેશે. આ જોગવાઈઓનો ભંગ કરનાર સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. તેમજ પ્રેસ એન્ડ રજીસ્ટ્રેશન બુકસ એકટ-૧૮૬૭ ની કલમ-૮(બી) તળે ડીકલેરેશન રદ કરવાની પણ કાર્યવાહી કરવામાં આવશે.

આ હુકમ તા.૦૪/૦૬/૨૦૨૫ ના કલાક ૧૬/૦૦ થી તા.૨૭/૦૬/૨૦૨૫ ના કલાક ૨૪/૦૦ ( સમગ્ર ચૂંટણી પ્રકિયા પૂર્ણ ન થાય ત્યાં ) સુધી અમલમાં રહેશે.

## શિક્ષા:

આ હુકમનો ભંગ/ઉલ્લઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

## જાહેર વિજ્ઞાપન:

હું આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત નિર્દેશ કરેલ વિસ્તારોમાં સહેલાઇથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડી અમદાવાદ શહેર પોલીસના તમામ Social media એકાઉન્ટસ ઉપર તેમજ સ્થાનિક વર્તમાન પત્રો, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્રો ઉપરથી બહોળી પ્રસિધ્ધી કરાવવી.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા સંયુક્ત/ અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પો.સ.ઇ. સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહિતા -૨૦૨૩ની કલમ ૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.
આજ તા.૦૪ /૦૬/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

(જી.એસ.મલિક)
પોલીસ કમિશ્નર,
અમદાવાદ શહેર.

નકલ સવિનય રવાના:

(૧) અગ્ર સચિવશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર, ગુજરાત સરકાર.
(૨) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજય, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૩) પોલીસ મહાનિર્દેશક અને મુ.પો.અધિ.શ્રી,ગુ.રા, ગાંધીનગર.
(૪) અધિક પો.મહાનિદેશકશ્રી(ઈન્ટે), ગુ.રા, ગાંધીનગર.
(૫) પોલીસ કમિશનરશ્રી, સુરત, વડોદરા, રાજકોટ શહેર.
(૬) મ્યુનિસિપલ કમિશનરશ્રી, અમદાવાદ શહેર.
(૭) નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી,દાણાપીઠ,અમદાવાદ શહેર.
(૮) કલેકટરશ્રી, જીલ્લા ચૂંટણી અધિકારી અમદાવાદ શહેર/ગાંધીનગર.
(૯) નિયામકશ્રી, માહિતી ખાતુ, ગુ.રા, ગાંધીનગર.
(૧૦) સંયુકત માહિતી નિયામકશ્રી, બેરેક નં-૦૩, આંબાવાડી, પોલીટેકનીક, અમદાવાદ શહેર.
(૧૧) રજીસ્ટ્રારશ્રી, હાઈકોર્ટ, ગુ.રા, અમદાવાદ શહેર.
(૧૨) રજીસ્ટ્રારશ્રી, સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર.
(૧૩) રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ટ, મીરઝાપુર, અમદાવાદ શહેર.
(૧૪) ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર.
(૧૫) સિનિયર સરકારી વકીલશ્રી, અમદાવાદ શહેર.
(૧૬) સંયુકત/ અધિક પોલીસ કમિશનરશ્રી, સેકટરટર-૧,૨/ ક્રાઈમ બ્રાંચ/ મુખ્ય મથક/ ટ્રાફીક શાખા.
(૧૭) મેનેજરશ્રી, ગર્વમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા તરફ ગેઝેટ ભાગ-૦૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ તેમજ પાંચ નકલો અત્રે વિશેષ શાખાને મોકલી આપવી, અમદાવાદ શહેર.
(૧૮) તમામ નાયબ પોલીસ કમિશનરશ્રીઓ, અમદાવાદ શહેર.

(૧૯) નાયબ પોલીસ કમિશનરશ્રી (ઈન્ટે), અમદાવાદ શહેર.

(૨૦) નોડલ અધિકારીશ્રી અને નાયબ પોલીસ કમિશ્નરશ્રી કંટ્રોલ રૂમ (અમદાવાદ શહેર પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા સારૂ.

(૨૧) તમામ મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓ, અમદાવાદ શહેર.

(૨૨) જનસંપર્ક અધિકારીશ્રી, (સ્થાનિક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરવા)

(૨૩) તમામ પો.ઈન્સશ્રીઓ,અમદાવાદ શહેર.( જાહેર જગ્યાઓએ નકલો ચોંટાડી જાહેરાત કરાવવા સારૂ)

(૨૪) મદદનીશ પોલીસ કમિશનરશ્રી, એસ.ઓ.જી, અમદાવાદ શહેર.

(૨૫) પો.ઈન્સશ્રી, રેલ્વે એસ.ઓ.જી, કાલુપુર રેલ્વે સ્ટેશન, અમદાવાદ શહેર.

(૨૬) પો.ઈન્સશ્રી, અમદાવાદ રેલ્વે સ્ટેશન.

(૨૭) પો.ઈન્સશ્રી, સાબરમતી રેલ્વે સ્ટેશન.

(૨૮) પો.ઇન્સ.શ્રી કોમ્પ્યુટર શાખા, પોલીસ કમિશ્નરશ્રીની કચેરી (C.P. Ahmedabad website ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ.

(૨૯) મ.પો.કમિ.શ્રી સાયબર ક્રાઈમ (અમદાવાદ શહેર પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા સારૂ)

(૩૦) જીલ્લા ચૂંટણી અધિકારીશ્રી અમદાવાદ કલેકટર કચેરી સુભાષબ્રિજ સર્કલ પાસે, સાબરમતી

(૩૧) મુખ્ય ચૂંટણી અધિકારીશ્રી ગુજરાત રાજ્ય, ગાંધીનગર.